# ધાનેરામાં બી.એસ.એન.એલ.ની અપૂર્તિ સેવાઓથી ગ્રાહકો ત્રાહિમામ

ધાનેરા, તા. ૨૭

ધાનેરામાં છેલ્લાં ઘણા સમયથી બી.એસ.એન.એલ.ની અપૂર્તિ સેવાથી ગ્રાહકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. બી.એસ.એન.એલ.ના ગ્રાહકો પાસેથી પૈસા પૂરા વસૂલ કરવામાં આવે છે પરંતુ તેમને પૂરતી સેવા ન અપાતી હોવાની લોકોની રાડ ઉઠવા પામી છે.

ધાનેરા વિસ્તારમાં બી.એસ.એન.એલ. કચેરીમાં છેલ્લા ઘણા સમયથી અધિકારીઓની બેદરકારી અને આળસને લીધે ટેલીફોન ગ્રાહકો વારંવાર મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. અધિકારી ગ્રાહકો સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન લાજવાના બદલે ગાજવા માંડે છે અને ગ્રાહકોની ફરિયાદનો મહિનાઓ સુધી કોઈ નિકાલ આવતો નથી. આથી ગ્રાહકો કચેરી અને અધિકારીઓ સામે રોષે ભરાયા છે અનો સત્વરે ધનસુરા બી.એસ.એન.એલ.ની કચેરીમાંથી અધિકારી રાજગોરને તગેડી મૂકવા માંગ કરી રહ્યા છે. અન્યથા આવનાર દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ગ્રાહકોએ ચિમકી ઉચ્ચારી છે.



ખાવા-પીવાની જીવન જરૂરી ચીજવસ્તુઓ, પેટ્રોલ-ડીઝલ અને શાકભાજીના ભાવો આભને આંબી રહ્યા છે ત્યારે કોંગ્રેસ દ્વારા પાલનપુરમાં ક્લેક્ટર દિલીપ રાણાને આવેદનપત્ર અપાયું હતું. (હરેશ જોષી, પાલનપુર)




દૂરદર્શન દ્વારા આયોજિત 'હરતાં ફરતાં' કાર્યક્રમની ટીમે આજે ગાંધીનગર સેક્ટર-૨૨ પંચદેવ મંદિર અને જૂના સચિવાલય ડૉ. જીવરાજ મહેતા ભવન ખાતે શૂટીંગ કર્યું હતું. જેમાં હાજર નગરજનોને ગુજરાત રાજ્યને લગતા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેમાં પાંચ પ્રશ્નોનાં સાચા જવાબ આપનાર યુથ કો-ઓર્ડીનેટર, નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના શ્રી રજનીકાંત સુથારને 'હરથાં ફરતાં' કાર્યક્રમની ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

# નવ મહિના પહેલા પ્રેસ સર્કલ પાસેથી બાઈક ઉઠાવી જનાર ત્રિપુટી ઝડપાઈ

## સેક્ટર-૨૮ના બગીચામાં ફરવા આવ્યા હતા ત્યારે પ્રેસ સર્કલ નજીકના પાર્કિંગમાંથી બાઇક ચોર્યું હોવાની કબૂલાત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર એલ.સી.બી પોલીસની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે ત્રણ યુવાન શખ્સો ચોરીના બાઈક સાથે ગાંધીનગરમાં ફરી રહ્યા છે જેને આધારે પોલીસે વોચ ગોઠવીને ચોરીના બાઈક સાથે ત્રણેય શખ્સની ધરપકડ કરી લીધી છે. આ મામલે પૂછપરછ કરતા બાઈક નવેક માસ પહેલા ેસ સર્કલ નજીકના પાર્કિંગમાંથી બાઈક ચોર્યુ હોવાની કબુલાત કરી છે. પોલીસે ત્રણેયની ધરપકડ કરીને ડી પૂછપરછ શરુ કરી છે. સઘન પૂછતાછમાં વધુ વાહનચોરીના ભેદ ઉકેલાય તેવી શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

ગાંધીનગર એલ.સી.બી પી.આઈ આશુતોષ પરમારની ટીમના પી.એસ.આઈ વાય. જે. રાઠોડ, એ.એસ.આઈ અંબાલાલ, હે.કો હજારીસિંહ સહીતની માણસો શહેરમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે ચોરીના બાઈક સાથે ત્રણ શખ્સ ગાંધીનગર શહેર વિસ્તારમાં ફરી રહ્યા છે. જેને આધારે ટીમે વોચ ગોઠવી માણસાના બિલોદરા ગામમાં રહેતો અને મૂળ જુના પીપળજનો અજય અજીત ચાવડા, માણસાના અનોડીયા બુધાસનીયા વિસ્તારનો અને હાલ પેથાપુર ચોકડી મધુર પાર્લર ઉપર રહેતો લાલસિંહ બાબુસિંહ રાઠોડ અને ત્રીજો પીપળજ ગામનો અને હાલ બાપુનગર ખાતે રહેતો અંકિત ઉર્ફે ભાવલો ઉર્ફે ભાવેશ ભરત મિસ્ત્રી મળીને ત્રણ શખ્સોને ચોરીના સ્પ્લેન્ડર બાઈક સાથે ઝાડપી પડ્યા છે. રેકોર્ડ પર તપાસ કરતા આ બાઈક સે.૨૧ પોલીસ મથકની હદ વિસ્તારમાંથી નવેક માસ પહેલા ચોરાયેલું હોવાનું ખુલ્યું હતું. આરોપીઓની ધરપકડ કરીને પૂછપરછ કરતા તેમણે પેથાપુર ચોકડીથી સે-૨૮ ગાર્ડન જતા વચ્ચે ેસ સર્કલ પાસેના પાર્કિંગમાંથી આ બાઈક ચોરી કરી કોવાની કબુલાત કરી લીધી છે. ત્રિપુટીની પૂછપરછ્માં અન્ય કેટલાક વાહનચોરીના ભેદ ઉકેલાય તેવી શક્યતા પણ પોલીસે વ્યક્ત કરી છે.

# પોલીસતંત્રના શહિદ જવાનના અગ્નિદાહ સમયે ગુજરાત ગૃહ વિભાગની સંવેદનાહિન

મોડાસા, તા. ૨૭

વિજયનગરના તાલુકાના સરસવ ગામના અરવિંદભાઈ બી. અસારી નારણપુરા પોલીસ સ્ટેશને ફરજ બજાવતા હતા. ફરજના ભાગરૂપે મંગળવારે વાડજ સર્કલ પાસે વાહન ચેકિંગ કરી રહ્યા હતા. ત્યારે શંકાસ્પદ લાગતી આયશર ટ્રકને રોકવા જતા આયસર ટ્રકના ડ્રાયવરે બેફામ રીતે ગાડી હંકારી કોન્સ્ટેબલને કચડી નાખી જીવલેણ અકસ્માત સર્જ્યો હતો. જેના પગલે પોલીસ જવાનને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડી સારવાર ચાલુ કરવામાં આવી હતી. પણ આધુનિક અને ઈમરજન્સી સારવાર પણ કારગર ન નીવડતાં મોતને ભેટ્યો હતો. મૃતક પોલીસ જવાનના પાર્થિવદેહને પોલીસવાનમાં ગામના ચોકમાં દર્શન માટે લાવવામાં આવતા આખા ગામમાં માતમ છવાઈ ગયો હતો. જવાનના સંબંધીઓએ રોકકળ કરી મુકતા વાતાવરણ શૂન્યમનશ્ક અને ગમગીન બની ગયું હતું. પોલીસ જવાનના પાર્થિવદેહને સાબરકાંઠા પોલીસ વડા તેમજ ઈડર ડી.વાય.એસ.પી. દ્વારા પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી અને શોકની લાગણી અનુભવાઈ હતી. સાબરકાંઠા પોલીસ દ્વારા મૃતક જવાનને ગાર્ડ ઓફ ઓનર આપી અગ્નિદાહ કરવામાં આવ્યો હતો. ગ્રામજનોએ આક્રોશ સાથે પોલીસવડાને નમ્ર અપીલ કરી હતી કે આવા બેફામ વાહનચાલકોને કડક સજા થવી જોઈએ. પોલીસ જવાનના સપના અધુરા રહી ગયા હતા. પુત્રીને પરણાવવાના આ પુત્રી અને ઘરના સભ્યોના આક્રંદ જોઈને ભલભલાથી આંખો ભીંજાઈ ગઈ હતી. ઘરમાં એક જ સભ્ય કમાનાર હોવાથી ઘરના સભ્યો ઉપર આભ ટુટી પડ્યુ હતું. ગાંધીનગરના એકેય અધિકારી ના આવવાથી લોકોમાં એક જ લાગણી અને ચર્ચાનો મુદ્દો હતો કે ગૃહખાતુ કોઈ જ દુઃખ કે ક્ષોભ નહી અનુભવતુ હોય. ગૃહખાતાના કોઈ ઉપરી અધિકારીએ હાજર રહી મૃતક પોલીસ જવાનના મૃત્યુનો તો મલાજો જાળવવો હતો.

# કેન્દ્રિય પ્રતિનિધિ મંડળે સાબરકાંઠાના પુંસરી ગામની મુલાકાત લીધી

ધનસુરા, તા. ૨૭

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના એક પ્રતિનિધિ મંડળે સાબરકાંઠાના પુંસરી ગામની મુલાકાત લીધી હતી. જેમાં કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયના સેક્રેટરી એલ. સી. ગોયેલે ગામના વિકાસથી પ્રભાવિત થઈ દેશના અન્ય ગામડાઓની સરખામણીમાં અદ્‌ભૂત કામ થયું છે તેમ જણાવ્યું હતું.

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના સેક્રેટરી એલ. સી. ગોયલે અને પ્રતિનિધિ મંડળે તાજેતરમાં સાબરકાંઠાના પુંસરી ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. જેમાં સેક્રેટરી એલ. સી. ગોયલે જણાવ્યું હતું કે સૌનો-સાથ અને સૌનો વિકાસની પહેલ પુંસરી ગામ પંચાયત મારફતે કરવામાં આવી છે.

ગામમાં લોકભાગીદારીથી વિકાસ કરવામાં આવ્યો છે અને રાજ્યમાં ઉત્ત ઉદાહરણ પૂરું પાડ્યું છે. વધુમાં ગોયલે પુંસરી ગામના રસ્તાઓ, શાળાઓ સહિતની ભૌતિક માળખાકીય સુવિધાને બિરદાવી યુવા ઉત્સાહી સરપંચ હિમાંશુ પટેલને અભિનંદન પાઠવ્યા હતા. ઉપરાંત પ્રતિનિધિ મંડળે આકોદરા સ્થિત પશુ હોસ્ટેલની મુલાકાત લીધી હતી.

### સંસ્કૃતિને સમજશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેમણે અહીંના રાજમાર્ગો પર જોવા મળતી ગાયો અને વાંદરાઓ અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. ઈટાલીની એલેસાન્ડ્રો જેનોનીએ ગુજરાતી ભોજનના ભરપેટ વખાણ કર્યા હતા અને તેમણે ગરબા ક્લાસ પણ જોઈને કર્યા હોવાનું જણાવ્યું હતું. ઈન્ડોનેશીયાથી આવેલ જોર્ડન સીતેયુએ સ્કૂલ કેમ્પસ અને તેમની હોસ્ટ ફેમિલીના વખાણ કરવા સાથે હિન્દી ફિલ્મ 'એક વિલન'નું તેરી ગલીયા ગીત ગાઈને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમણે ગુજરાતી દુહાઓની રમઝટ બોલાવી હતી. અને રંગલાનું પાત્ર પણ રજૂ કર્યુ હતુ. આ વર્ષના હોસ્ટ ફેમિલી એચ.કે. સુથાર, અનિલ જૈન અને મહેશભાઈ રાવલ છે.

આ વર્ષે ગાંધીનગરમાંથી કુલ પાંચ વિદ્યાર્થીઓ વિદેશમાં વિવિધ દેશોની સંસ્કૃતિનો અભ્યાસ કરવા જઈ રહ્યા છે. જેમાં હિલવુડ સ્કૂલના અભિન્ના શાહ અમેરિકા, એમવી પટેલ ઈંગ્લિશ મિડિયમના ત્રણ વિદ્યાર્થીઓમાંથી પૂર્વા શર્મા અને ચંદ્રપાલસિંહ ભાટી યુએસએ અને પ્રેક્ષા રાવલ સ્વિટઝર્લેન્ડ જશે. જ્યારે ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાંથી ક્રિશ્ના રાવલ દક્ષિણ આફ્રિકા જનાર છે. આ વર્ષે યુએસએથી અભ્યાસ કરીને સેન્ટ ઝેવિયર્સના ધ્રુવ ઠક્કર તેમજ એમ.બી. પટેલ ઈંગ્લિશ મીડીયમના કૃપા દવે પરત ફર્યા છે. એએફએસ દ્વારા વર્ષ ૨૦૦૮-૦૯માં પ્રથમ વિદ્યાર્થી જનક ગજ્જરને વિદેશ મોકલ્યા હતા.

વિવિધ દેશોની સંસ્કૃતિનો અભ્યાસ કરવા અને સમજવા યોજાતા આ પ્રયાસ કરતી સંસ્થા એએફએસની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોવાથી આગામી દિવસોમાં પેરીસ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં ૫૪ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી પોતાના દેશની સંસ્કૃતિનું આદાન-પ્રદાન કરશે. આ સમારોહમાં ભારતના ૧૭ પ્રતિનિધિઓ હાજરી આપનાર છે. જેમાં ગાંધીનગરના એક માત્ર પ્રતિનિધિ કેવલ એચ. ગજ્જરનો પણ સમાવેશ થાય છે.

### હાથ ધરાયેલ કવાયત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ વખતે જિલ્લાઓનું વિભાજન પણ થયુ હોવાથી આખુ સીમાંકન નવેસરથી કરવાનું થશે એટલે તેમાં સારો એવો સમય વ્યતીત થાય તેવું અનુમાન છે. પંચાયતોની મુદત આગામી નવેમ્બરમાં પૂર્ણ થઈ રહી છે જ્યારે નગરપાલિકાઓની મુદત સપ્ટેમ્બરમાં પૂર્ણ થશે એટલે ચૂંટણીઓ સમયસર યોજી શકાય તે રીતે હાલ પ્રાથમિક કવાયત હાથ ધરવામાં આવી છે.

શહેરી વિકાસ વિભાગ તેમજ વિકાસ કમિશનરશ્રીને બેઠકો ૧૫ ઓગષ્ટ સુધીમાં નિયત કરી આપવા જણાવાયું છે. આ માટે આ બન્ને કચેરીઓને સ્મૃતિપત્ર પણ પાઠવવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

### વરસ્યો નહી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વરસાદ નોંધાયો છે. જે વિસ્તારમાં વરસાદ નોંધાયો છે તેમાં તારાપુર, ઉમરેઠ, બોડેલી, ગોધરા, જાંબુઘોડાનો સમાવેશ થાય છે. ટૂંકમાં આણંદ, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ જિલ્લામાં ઘણા તાલુકાઓમાં વરસાદ થયો છે. મહિસાગર જિલ્લાના ઘણા ભાગોમાં પણ વરસાદ થયો છે. કંડાણામાં ૫૬ મીમી વરસાદ થયો છે. વડોદરામાં વરસાદી ઝાપટા જારી રહ્યા છે. અમદાવાદ જિલ્લાઓના તાલુકાઓમાં નહીવત જેવો વરસાદ થયો છે. બીજી બાજુ ઉત્તર ગુજરાત પંથક ઉપર એકથી ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. સાબરકાંઠાના હિંમતનગર, અરાવલ્લી જિલ્લાના મેઘરજ, મોડાસા, ગાંધીનગર જિલ્લાના દહેગામ, ગાંધીનગરમાં વરસાદ થયો છે. બીજી બાજુ અમદાવાદ શહેરમાં દિવસ દરમિયાન વરસાદે વિરામ લીધો હતો. અમદાવાદ શહેરમાં વરસાદમાં વિરામ છતાં નિચાળવાળા વિસ્તારોમાં ગંદગી અને પાણી ભરાઈ જવાના કારણે રોગચાળાનું સંકટ તોળાઈ રહ્યું છે. બીજી બાજુ હવામાન વિભાગે આગાહી કરી છે કે, અમદાવાદ શહેરમાં અને રાજ્યમાં વરસાદી ઝાપટાઓનો દોર જારી રહી શકે છે.

### ટોપટેનમાં સ્થાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતો કે તેણીને આ વિષયમાં પણ એ ગ્રેડ (૯૦ માર્ક ઉપર) જ હોય જેથી તે વિષયના જવાબ પેપરનું રિચેકિંગ કરવા માટે તજવીજ હાથ ધરી હતી જેના પરિણામ સ્વરુપે તાજેતરમાં રિચેકિંગ વિષયમાં પણ કાજલને ૯૬ માર્ક મેળવેલ હતા. જેથી નવી માર્કશીટ માધ્યમિક બોર્ડ તરફથી મળતા પરિણામ કુલ ૫૬૨ માર્ક્સ સાથે ૯૯.૯૩ પર્સન્ટાઈલ રેંક મેળવીને પોતાના પરિવારનું ગૌરવ વધાર્યું છે.

### શબ્દાવલી - ૫૪૬૦



**આડી ચાવી**

૧. સ્વાભિમાન (૪)
૪. અવાજ રહિત (૩)
૬. ફિટકાર (૪)
૮. જરાક, થોડુંક (૩)
૧૦. પરંતુ (૨)
૧૧. કમળો, પાંડવાના પિતા (૨)
૧૨. પ્રિત, સ્નેહ (૨)
૧૩. મદારી, ગારૂડી (૨)
૧૪. પૃથ્વી, ધરતી (૨)
૧૫. સુગ્રીવનો ભાઇ (૨)
૧૬. તેજ, નુર (૩)
૧૮. સમાચાર, એંધાણ (૩)
૧૯. ખુની, હત્યારો (૩)
૨૦. દેવની મૂર્તિ સમક્ષ દિવાથી... ઉતારાય (૩)

**ઊભી ચાવી**

૧. હિંમત (૩)
૨. લોહી (૩)
૩. રસમ, પ્રણાલી (૨)
૪. નીર, ચારો (૩)
૫. લોકો રહેતા હોય તેવી જગ્યાને... કહેવાય (૪)
૭. કાંચળી, આણુ (૩)
૯. ભીડ (૩)
૧૧. દ્રૌપદી, પાંચાલ દેશની રાજકુમારી (૩)
૧૨. પજવણી (૫)
૧૩. એક ઋષિ જેણે રામાયણની રચના કરી (૪)
૧૪. અમાનત, થાપણ (૪)
૧૫. વાંદરો, મંકી (૩)
૧૭. કમર (૨)

**શબ્દાવલી ૫૪૫૯ના જવાબ**

**આડી ચાવી :-** (૧) કાછીયો (૩) પરગણુ (૪) જન્નત (૫) જીવન (૬) નરક (૯) વેરવિખેર (૧૧) અફલાતુન (૧૨) ઉગ્ર (૧૩) પોતા (૧૪) છીછરુ (૧૬) ધિરાણ (૧૭) જવકાની

**ઊભી ચાવી :-** (૧) કાળીજીરી (૨) યોજન (૩) પતા (૬) નવિન (૭) રખે (૮) કરદાતા (૯) ઉદધિ (૧૩) પોતીકા (૧૪) છીણ (૧૫) રૂજ

## ટાઈમ લાઈન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

એ પૂર્વ મુખ્યપ્રધાન કેશુભાઈ પટેલના માનિતા હતા. તેમને ભાજપની સરકારે નિવૃત્તિ પછી નર્મદા નિગમના ચેરમેન બનાવી દીધા હતા. બીજા નિવૃત્ત ચીફ સેક્રેટરી ડો.મંજુલા સુબ્રમણ્યમ કે જેઓને ગુજરાત વિઝિલન્સ કમિશનના કમિશનર તરીકે નિયુક્ત કર્યા હતા. એ ઉપરાંત સુધીર માંકડ કે જેઓ ચીફ સેક્રેટરીપદેથી નિવૃત્ત થયા ત્યારથી હાલના તબક્કે તેઓ ગિફ્ટસિટીના ચેરમેનની ફરજો અદા કરે છે...

ચીફ સેક્રેટરી પદેથી નિવૃત્ત થયેલા અન્ય એક ઓફિસર ડી.રાજગોપાલન કે જેઓને ચીફ ઈન્ફર્મેશન કમિશનર બનાવ્યા હતા જેમની અવધિ પૂર્ણ થઈ છે. તેમની જગ્યાએ બલવંતસિંહને ચીફ બનાવી દેવામાં આવ્યા છે. બલવંતસિંહ કે જેઓ છેલ્લે એડિશનલ ચીફ સેક્રેટરી-હોમ હતા અને ચીફ સેક્રેટરીના દાવેદાર હતા છતાં ભાજપની સરકારે એ. કે. જોતિને ચીફ સેક્રેટરી બનાવ્યા હતા. આ બન્ને ઓફિસરો વચ્ચે સુ-મિ પોસ્ટ માટે ભારે ઉત્તેજના ફેલાઈ હતી. આજે એ. કે. જોતિને સરકારે જાહેર સાહસમાં નિયુક્ત કરેલા છે. હવે ઓક્ટોબર-૨૦૧૪માં હાલના ચીફ સેક્રેટરી ડો. વરેશ સિંહા તેમના છ મહિનાના એક્સટેન્શન પછી નિવૃત્ત થઈ રહ્યાં છે. તેઓને પણ સરકારમાં પુનનિયુક્તિ મળવાના ચાન્સ હોઈ શકે છે...

**વિધાનસભામાં મોઘવારીનો મુદ્દો કેમ નહી...**

હાશ, ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર પૂર્ણ થયું છે. ના કોઈ ઉમંગ, ના કોઈ તરંગ.. બસ દલીલો અને સરકારી કામકાજ કરીને બધાં છૂટા પડ્યા છે. સરકાર ચલાવવા માટેના વહીવટી ખર્ચાઓ મંજૂર કરવામાં આવ્યા છે. લોકપ્રશ્નોમાં અસરકારક રજૂઆત કરવામાં વિરોધપક્ષને યારી મળતી નથી, કેમ કે તેઓની સંખ્યા ઘટતી જાય છે. બીજી તરફ શાસક પક્ષ સભાગૃહમાં એવી કોઈ મોટી જાહેરાત કરી શક્યું નથી કે જેનાથી આખા ગુજરાતના તમામ સમૂહો ખુશ થઈ શકે...બસ, સરકાર ચાલે છે. મોંઘવારીનો માર સહન કરતા લોકો એકત્ર થાય છે. સરકારમાં પોતાનું કામ સિફતપૂર્વક કઢાવી લેનારા લોકો મોટા નેતાઓની વાહવાહ કરે છે. સરકારી ઓફિસોમાં હજી આજે પણ ફુલોના ગુલદસ્તા જોવા મળે છે...

મોંઘવારીનો માર સહન કરતી જનતાને લકઝુરીયસ ખર્ચા હવે પોસાતા નથી. રેસ્ટોરન્ટ અને હોટલોના મેનુ બદલાઈ ચૂક્યાં છે. જે ગુજરાતી થાળી એક વર્ષ પહેલાં ૧૫૦ થી ૧૮૦ રૂપિયામાં મળતી હતી તે આજે ૨૫૦ થી ૩૦૦ રૂપિયામાં મળે છે. ઘણાંને યાદ હશે કે ૧૯૯૦માં એક લિટર પેટ્રોલના દામ બાર રૂપિયા અને એક લિટર ડિઝલના દામ પાંચ રૂપિયા હતા, આજે કિંમતો ક્યાં પહોંચી છે. આપણા રાજકીય નેતાઓને મોંઘવારી નડતી નથી કારણ કે તેમનો ફુલટાઈમ વ્યવસાય અલગ છે. નોકરીયાતોને ઘરના બે છેડા ભેગા કરવા કષ્ટદાયક બનતા જાય છે. બાળકોના શિક્ષણના ફરજીયાત ખર્ચા અને ઘરનું ઘર બનાવવાની હાઉસિંગ લોન એ તો જીવનમાં કાયમ બની ચૂક્યાં છે. આ બધી ચર્ચાઓ વિધાનસભામાં ક્યાં થાય છે..?!!..

**ગુજરાત રાજ્ય તો વર્ષોથી ગૌરવશાળી છે...**

ગુજરાતમાં ખેલ મહાકુંભના પ્રણેતા નરેન્દ્ર મોદી છે. તેઓ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે છેલ્લા વર્ષોમાં તેમણે લોકોમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ ભરી દીધો હતો. છેલ્લા મહાકુંભમાં ૪૦ લાખ ખેલાડીઓ રમી ચૂક્યાં છે. ગુજરાતને ખેલજગત સાથે સાંકળીએ તો આપણે ગીત શેઠી, તેજસ બાકરે, ઉદયન ચીનુભાઈ, નમન પારેખ, કૃપાલી પટેલ, જશુ પટેલ, કિરણ મોરે, નયન મોંગિયા, પાર્થિવ પટેલ, ઈરફાન ખાન, અંશુમન ગાયકવાડ, વિજય હજારે, વિનુ માંકડ, મુનાફ પટેલ, યુસુફ પઠાનને યાદ કરવા પડે છે. એ ઉપરાંત નરી કોન્ટ્રાકટર, હેમુ અધિકારી, રૂસી સુરતી, સલીમ દુરાની, દીપક શોધન, ધીરજ પરસાણા, ચેતેશ્વર પુજારા, રવિન્દ્ર જાડેજા, અમિષ સાહેબા, પારૂલ પરમાર અને દિપીકા મૂર્તિ પણ ગૌરવવંતા ગુજરાતી ચહેરા છે.

ગુજરાતના ઔછા જાણીતા પણ ઉત્કૃષ્ઠ ખેલાડીઓ કે જેમાં રઝિયા શેખ, વૈદિકા મુન્શા, ભરત દવે, પરિતા પારેખ, સુફિયાન શેખ, વંદિતા ધારિયાલ, લજ્જા ગોસ્વામી, પૂજા ચૌરૂષિ, વૈશાલી મકવાણા, રૂપેશ શાહ, ધ્યાનિ દવે, સોનિક મુલ્તાની, પથિક મહેતા. નાનુભાઈ સુરતી, કરિશ્મા પટેલ, હીર પટેલ અને મનસ્વી બેલા સ્પોર્ટ્સમાં તેમના ક્ષેત્રોમાં મશહૂર ખેલાડીઓ છે. ગુજરાતમાં વર્લ્ડ એથલેટિક્સમાં ભાગ લેનારા -થમ ખેલાડી બાબુભાઈ પણુચા પણ એક નામ છે. ગુજરાતના એવા ૫૦ વિરલા છે જેમણે ગુજરાતીઓને સ્પોર્ટ્સમાં ખૂબ નામના કમાવી આપી છે.

**૩૦૦૦ વર્ષ ક્યાં ગયા, કોઇને ખબર નથી...**

પ્રાચીન સમયમાં ગુજરાતના એક નહીં અનેક નામો હતા. ગુજરાતને આનર્ત -દેશ તરીકે પણ ઓળખવામાં આવતો હતો. ગુજરાતની સ્થાપના પહેલાં ખેલાયેલો જંગ ખૂબ લાંબો હતો એ ઘણાં ઓછાને યાદ છે. ઈતિહાસના પાને કોતરાયેલા અલગ ગુજરાતના -ણેતાઓએ કેટલી વેદના સહન કરી છે. મહારાષ્ટ્રનું ચાલ્યું હોત તો આજે ડાંગનો પ્રદેશ કદાચ મહારાષ્ટ્રમાં હોત... એવી જ રીતે મહાગુજરાતની ચળવળ વખતે જો ગુજરાતના લોકનાયકોનું ચાલ્યું હોત તો મુંબઈ અને માઉન્ટ આબુ ગુજરાતનો હિસ્સો બન્યો હોત.. પરંતુ દૂરંદેશી લોકોએ લોહી રેડ્યા વિના અલગ ગુજરાત આપીને છ કરોડની જનતાના સુખ-શાંતિને કાયમ રાખ્યા છે..

ગુજરાતના પોતાના સામ્રાજયનો એક આગવો ઈતિહાસ છે. આનર્ત રાજાનો પુત્ર રેવત કુશસ્થલી-આજની દ્વારકાનો શાસક હતો. ભગવાન શ્રીકૃષ્ણએ કંસના વધ પછી વ્રજ છોડીને સૌરાષ્ટ્રના સાગરકાંઠે વેરાન પડેલી જૂની રાજધાની કુશસ્થલીનો જીર્ણોદ્ધાર કરાવી દ્વારિકા વસાવી હતી. કૃષ્ણના શાસન પછી ગુજરાના ઈતિહાસના પટ ઉપર અંધારપટ છવાયેલો રહ્યો છે. ૩૦૦૦ વર્ષના ગાળામાં શું બન્યું તેની કોઈને કશી ખબર નથી પરંતુ ૩૧૯માં મગધના પાટલીપુત્રના સિંહાસનેથી ચંન્દ્રગુપ્ત મૌર્યએ ચક્રવર્તીનો ધ્વજ ફરકાવ્યો હતો. ગુજરાત અને સૌરાષ્ટ્ર પણ તેના નેજા હેઠળ આવ્યા હતા. મૈત્રક કાળ દરમ્યાન ભિલ્લમાલની આસપાસનો પ્રદેશ ગુર્જરદેશ તરીકે ઓળખાતો હતો. વનરાજ ચાવડાના સમયમાં ગુજરાતની રાજધાની અણહિલવાડ-પાટણમાં સ્થપાઈ હતી. ઈતિહાસ લાંબો છે પરંતુ તેને -ાચીન, મધ્યકાલિન અને આધુનિક યુગમાં વહેંચવામાં આવેલો છે. આધુનિક યુગ એટલે ૧૮૫૭ કે જયારે અંગ્રેજો શાસનમાં હતા.

**બીજી ઓગષ્ટે ગાંધીનગરનો હેપ્પી બર્થ ડે....**

ગુજરાત રાજયની અલગ રચનાના પાંચ વર્ષ પછી બીજી ઓગષ્ટ-૧૯૬૫માં રોજ ગુજરાતના પાટનગર ગાંધીનગરની પ્રથમ ઈંટ મૂકવામાં આવી હતી. આ પહેલાં અમદાવાદ એ ગુજરાતનું પાટનગર હતું. કહેવાય છે કે ગુજરાતને અત્યાર સુધીમાં સાત પાટનગર મળ્યા છે જેમાં ગાંધીનગર છેલ્લું છે. નોંધપાત્ર છે કે નવા પાટનગરની રચનામાં જુદા જુદા ૧૨ ગામોના ૨૩૮૨ ખેડૂતોની ૧૦,૫૦૦ હેક્ટર જમીન અને ૫૦૦૦ એકર ગૌચર જમીન વાપરવામાં આવી હતી. ૧લી મે-૧૯૭૦માં જયારે સચિવાલય કાર્યરત થયું ત્યારે ખરો વસવાટ શરૂ થયો હતો. નોંધપાત્ર બાબત એ છે કે ગાંધીનગરની રચના સાબરમતી નદીથી ૨૧ મીટર ઉંચાઈએ કરવામાં આવેલી છે.

૧૮૫૭માં બળવા સમયે આજના ગાંધીનગરની જમીનની મહત્વની ભૂમિકા રહી છે. પાટણના વણિક મગનલાલ ભૂખણે સિપાઈઓની ભરતી કરી હથિયારો એકઠા કરવા તેમણે લોદ્રા ગામ ઉપર આક્રમણ કર્યું હતું. પેથાપુર એ હથિયારો બનાવવા માટે પ્રખ્યાત હતું. શેરથા અને રાંધેજા એ આઝાદીની ચળવળના કેન્દ્રો રહ્યાં હતા. ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર બન્યું તે પહેલાં પ્રથમ પાટનગર આનર્તપુર કે જે વડનગર પાસે આવેલું છે તે હતું. બીજું પાટનગર દ્વરાવતી એટલે કે દ્વારકા હતું. ત્રીજું ગીરીનગર એટલે કે જૂનાગઢ હતું. ચોથુ વલ્લભીપુર એટલે કે અણહિલપુર પાટણ હતું અને છઠ્ઠું કર્ણાવતી એટલે કે અમદાવાદ હતું. ગાંધીનગરનો નંબર છેલ્લો અને સાતમો આવે છે...

**ગાંધીનગરના માર્ગોની કમાલ...**

ગાંધીનગરની રચનામાં એ સમયના એન્જિનયરોએ ખૂબ કાળજી રાખી હતી. મકાનો ઉપરાંત માર્ગોના નિર્માણમાં ખૂબ તકેદારી રાખી લોકોને ઓછી અગવડતા પડે તેનું ધ્યાન રાખ્યું હતું. ગાંધીનગરના સચિવાલય અને વિધાનસભાના બિલ્ડીગ તો નમૂનેદાર છે પરંતુ શહેરના માર્ગોમાં એન્જિનયરોએ કમાલ બતાવી છે. પાટનગરના મુખ્ય માર્ગો એવા બનાવ્યા છે કે ક્યારેય આંખમાં સૂર્યનો તડકો ન આવે. કોઈપણ શહેરના એકલા રસ્તાઓનો નકશો હાથની હથેળીમાં આવેલી રેખાઓની છાપ જેવો જણાશે પરંતુ ગાંધીનગર આયોજીત શહેર હોઈ તેના મુખ્ય ૧૪ રસ્તાઓ સીધા છે.

દર પોણો કિલોમીટરે આવતા ઉભા રસ્તા અને એક એક કિલોમીટરે આવતા આડા રસ્તાઓની ગ્રીડ નગરરચનાનું મૂળભૂત માળખું પૂરૂ પાડે છે. સવારે કે સાંજે સૂર્ય સામે ન આવે તે માટે નગરના મુખ્ય રસ્તાઓ ૩૦ પૂર્વે અને આડા રસ્તાઓ ઉત્તરથી ૬૦ પશ્ચિમે રાખવામાં આવ્યા છે. જ-રોડ સાબરમતી નદીના વળાંક પ્રમાણે બીજના ચાંદ જેવા આકારે સર્જાયેલો છે. સેક્ટરોની રચના વખતે એન્જિનયરોએ બે સેક્ટરોના માર્ગોની વચ્ચે જોડતા અંડરબ્રીજ બનાવી ઢાંકી દીધા હતા કે જેથી વસતી વધતાં તેને ખોલી શકાય.. આજે સચિવાલયના એક બ્રીજને બાદ કરતાં બાકીના બ્રીજનો કોઈ ઉપયોગ થઈ શકતો નથી...

**હવે ટ્રાન્સફરની મોસમ આવી રહી છે...**

વિધાનસભાના સત્રના કારણે ગુજરાતના વહીવટી અને પોલીસ તંત્રમાં જેનો વિલંબ થયો છે તે બદલીઓની ફાઈલો હવે ધીમે ધીમે ક્લિયર થાય તેવું લાગી રહ્યું છે. હવે જે ઓર્ડર થવાના છે તેમાં સિનિયર આઈએએસ અધિકારીઓ તેમજ આઈપીએસ અધિકારીઓ સામેલ છે. ત્રણ આઈએએસ અને પાંચ જેટલા આઈપીએસના દિલ્હી ડેપ્યુટેશનની સામે મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ ખૂબ મોટો બદલાવ લાવી રહ્યાં છે. રાજયના મુખ્ય શહેરોમાં પોલીસ કમિશનર તેમજ મ્યુનિસિપલ કમિશનરની બદલીઓ પણ થશે. સચિવાલય અને પોલીસ ભવનના મહત્વના હોદ્દાઓ ચેઈન્જ થવાની મોટી સંભાવના છે. જિલ્લાઓના પોલીસ વડા અને વહીવટી વડાઓમાં પણ ફેરબદલની હવા સચિવાલયમાં ચાલી રહી છે.

**જસ્ટીસની સંખ્યા ઓછી, કેસોમાં ભરાવો...**

ગુજરાતમાં જસ્ટીસની સંખ્યા ઓછી હોવાથી નીચલી કોર્ટ ( ડિસ્ટ્રીક્ટ-સેશન્સ, તાલુકા, ઔધોગિક અને લેબર ) માં કેસોનો ભરાવો થાય છે તેવી કબૂલાત સરકારે તેના એક દસ્તાવેજમાં કરી છે. સરકાર કહે છે કે રાજયની દિવાની અને ફોજદારી કોર્ટમાં નક્કી થયેલા કામના ભારણના પ્રમાણમાં મેઈનપાવર ઓછો છે. બીજું મુખ્ય કારણ એવું છે કે નવા કાયદાઓ વધવાથી પ્રજા પોતાના હક્ક માટે જાગૃત થતાં લિટીગેશનમાં વધારો થયો છે. કાયદા વિભાગે આપેલી માહિતી પ્રમાણે ૨૦૧૧માં ૨૨.૮૫ લાખ, ૨૦૧૨માં ૨૨.૭૩ લાખ, ૨૦૧૩માં ૨૩.૨૧ લાખ કેસો પડતર હતા, જયારે ૨૦૧૪માં અત્યાર સુધીમાં વિક્રમી ૨૩.૪૫ લાખ કેસો વિવિધ કોર્ટમાં પડતર છે...આ કેસોનું નિવારણ હાઈકોર્ટના હાથમાં હોય છે...